# -:: જાહેરનામું ::-

**-:: નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ-૩૦ તથા ૩૪, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, તેમજ ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ કલમ-૨ હેઠળનું જાહેરનામુ ::-**

નં.ડીસીબી/એમએજી/કોરોના/રજી.નં.૮૭/૨૦૨૦
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,વલસાડ
તા.૨૬/૦૫/૨૦૨૦

વંચાણે લીધુ :- (૧) એપેડેમીક ડીઝીઝ એકટ - ૧૮૯૭
(૨) ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ -૨૦૦૫
(૩) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/ કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૪/૦૪/૨૦૨૦
(૪) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ No.40-3/2020-DM-1(A) Date:15/04/2020 , Date:01/05/2020 & Date:17/05/2020
(૫) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની તા.૨૬/૦૫/૨૦૨૦ની દરખાસ્ત

**જાહેરનામું :-**

સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ફેલાયેલ છે. કે જેને ની હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-2019) ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન ધ્વારા વૈશ્વિક મહામરી જાહેર કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં પણ (COVID-2019) ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમાંયતરે નોવેલ કોરોના વાઈરસ (COVID-2019) ની ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક : 40-3/2020-dm-1(A) Dtd.24/03/2020, Dtd.15/04/2020, Dtd.01/05/2020 & Dtd.17/05/2020 થી સમગ્ર ભારતમાં તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં પોઝીટીવ કેસ પ્રકાસમાં આવેલ છે. આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે, હું સી.આર.ખરસાણ આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ જિલ્લો નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૨૬ (૨), ૩૦ તથા ૩૪ અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ તેમજ ધી એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ કલમ-૨ અનવ્યે મને મળેલ સત્તાની રૂઇએ નીચે મુજબ દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરૂ છું.

Scanned with CamScanner

-:હુકમ :-

નીચે જણાવેલ મોજે : વલસાડ નગર પાલિકા વિસ્તારમાં આવેલ ભારત ડેરી અંદરના રોડ પર આવેલ દિવ્ય એપાર્ટમેન્ટ વિસ્તારમાં કોરોના પોઝીટીવ કેસ આવતા આ વિસ્તારને એપી સેન્ટર તરીકે જાહેર કરવામાં આવે છે.

| ક્ન્ટેઈનમેન્ટ એરીયા :- | |
|---|---|
| મોજે : વલસાડ નગર પાલિકા વિસ્તારમાં આવેલ ભારત ડેરી અંદરના રોડ પર આવેલ દિવ્ય એપાર્ટમેન્ટ, શાંતિ કુંજ બંગ્લોઝ માતૃકૃપા બંગ્લોઝ ઉમિયા નિવાસ બંગ્લોઝ અમર આર્કેટ, સુરજ એપાર્ટમેન્ટ, શ્રીજી નિવાસ, શિલ્પાલય એપાર્ટમેન્ટ ગણેશ કૃપા બંગ્લોઝનો તમામ વિસ્તાર | આ વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવે છે. મોજે : વલસાડ નગર પાલિકા વિસ્તારમાં આવેલ ભારત ડેરી અંદરના રોડ પર આવેલ દિવ્ય એપાર્ટમેન્ટ, શાંતિ કુંજ બંગ્લોઝ માતૃકૃપા બંગ્લોઝ ઉમિયા નિવાસ બંગ્લોઝ અમર આર્કેટ, સુરજ એપાર્ટમેન્ટ, શ્રીજી નિવાસ, શિલ્પાલય એપાર્ટમેન્ટ ગણેશ કૃપા બંગ્લોઝનો તમામ વિસ્તારના રહેવાશીઓને રાશન વિગેરે આવશ્યક ચીજ વસ્તુઓ ચીફ ઓફીસરશ્રી વલસાડ દ્વારા હોમ ડીલીવરી થી પુરી પાડવાની રેહેશે. |

-:અમલવારીનો સમય :-

આ હુકમની અમલવારી તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૨૨/૦૬/૨૦૨૦ સુધી ના ક.૨૪:૦૦ સુધી કરવાની રહેશે.

-:શિક્ષા :-

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૬૦ જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી પો.સબ ઈન્સપેકટરશ્રી કે તે ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

-: અપવાદ :-

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી/પ્રાયવેટ દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલ વ્યકિત કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં.૪૦-૩/૨૦૨૦ ડીએમ-આઇ(એ) તા.૨૪/૦૩/૨૦૨૦, તા.૨૫/૦૩/૨૦૨૦, તા.૨૭/૦૩/૨૦૨૦, તા.૨૯/૦૩/૨૦૨૦, તા.૦૨/૦૪/૨૦૨૦, તા.૦૩/૦૪/૨૦૨૦, તા.૧૫/૦૪/૨૦૨૦ તા.૦૧/૦૫/૨૦૨૦ તથા તા.૧૭/૦૫/૨૦૨૦ના હુકમથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારીશ્રી દ્વારા પાસ ઈસ્યુ કરવામાં આવેલ છે તેવા વ્યકિતઓને આ હુકમ લાગુ પડેશે નહી. તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

-: જાહેર વિજ્ઞપ્તિ :-

આથી હું આદેશ આપું છું કે આ હુકમની વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે. આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયા ટેલીવિઝન, કેબલ ટીવી નેટવર્ક તથા જાહેર જગ્યાએ તેની નકલો ચોટાંડીને પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજરોજ તા.૨૬/૦૫/૨૦૨૦ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

26/5/2020

(સી.આર.ખરસાણ)

જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ

DISTRICT MAGISTRATE જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ VALSAD

Scanned with CamScanner

પ્રતિ,
મેનેજરશ્રી
સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ, વડોદરા

૨/ સદરહુ જાહેરનામુ આવતા રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

નકલ સવિનય સાદર રવાના :-

(૧) નાયબ સચિવશ્રી, ગુહ વિભાગ, ગાંધીનગર
(૨) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, વલસાડ
(૩) સંયુકત સચિવશ્રી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર
(૪) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત વિભાગ, સુરત
(૫) જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી : વલસાડ/પારડી/વાપી/ધરમપુર/ઉમરગામ/કપરાડા

નકલ જયભારત સહ રવાના :- નાયબ માહિતી નિયામકશ્રી , વલસાડ તરફ

૨/ ઉકત જાહેરનામું આઇટેમ ઓફ ન્યુઝ તરીકે વર્તમાનપત્રોમાં વિના મુલ્ય લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરી અખબારની નકલ અત્રેની કચેરીએ મોકલવા સારૂ.

નકલ જયભારત સહ રવાના :- પોલીસ અધિક્ષકશ્રી , વલસાડ તરફ

નકલ જયભારત સહ રવાના :- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, વલસાડ તરફ

નકલ જયભારત સહ રવાના :- સીવીલ સર્જનશ્રી સીવીલ હોસ્પીટલ, વલસાડ તરફ ૨/- જાણ તથા અમલ સારૂ

નકલ જયભારત સહ રવાના :-

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડ
(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી વલસાડ/પારડી/ધરમપુર/વાપી/કપરાડા
(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી : વલસાડ/વાપી
(૪) કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રી : વલસાડ/પારડી/ધરમપુર/ઉમરગામ/કપરાડા/વાપી
૨/ જાણ તથા કેબલ ઉપર બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.
(૫) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી પારડી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી વલસાડ/વાપી/ ધરમપુર/ ઉમરગામ/કપરાડા તરફ બહોળી પ્રસિધ્ધિ સારૂ.
(૬) સર્કલ પોલીસ ઇન્સપેકટરશ્રી : વલસાડ/ધરમપુર
(૭) પોલીસ ઇન્સપેકટરશ્રી : વલસાડ (શહેર)/વાપી ટાઉન/વાપી ઉધોગનગર/ઉમરગામ
(૮) પોલીસ સબ ઇન્સપેકટરશ્રી : વલસાડ (રૂરલ)/ડુંગરી/પારડી/ધરમપુર/કપરાડા/ભીલાડ/ડુંગરા
(૯) પોલીસ સબ ઇન્સપેકટરશ્રી : વલસાડ (પશ્ચિમ રેલ્વે)
(૧૦) ચીફ ઓફીસરશ્રી : વલસાડ/પારડી/ધરમપુર/વાપી/ઉમરગામ તરફ બહોળી પ્રસિધ્ધી સારૂ.
(૧૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રશ્રી તમામ

Scanned with CamScanner